# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) નાણામંત્રી નિર્મલા સીતારમણ કહ્યું કે સુધારેલા GST દરોના ફાયદા ગ્રાહકો સુધી પહોંચશે, જેનાથી દેશની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે.

2) ભારતે તેની પ્રથમ સ્વદેશી એન્ટિબાયોટિક દવા નેફિથ્રોમાઈસીન વિકસાવી.

3) ઉત્તરપ્રદેશના અયોધ્યામાં આજે નવમા દીપોત્સવની ભવ્ય ઉજવણી કરાશે.

4) અફઘાનિસ્તાન અને પાકિસ્તાન ઘણા દિવસો સુધીની ભીષણ લડાઈ બાદ યુદ્ધવિરામ માટે સંમત થયા.

5) મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે ઈન્દોરમાં યજમાન ભારત ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

6) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય શ્રેણીની પહેલી મેચ આજે પર્થમાં રમાશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# FM NIRMALA SITHARAMAN

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે સુધારેલા કર માળખાના લાભ ગ્રાહકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે નાણાં મંત્રાલય 54 ઉત્પાદનોના કિમંત પર ચાંપતી નજર રાખી રહ્યું છે. નાણામંત્રી ગઇકાલે નવી દિલ્હીમાં GST બચત મહોત્સવ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધી રહ્યા હતા.

નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે આ GST સુધારાઓનો અમલ કેન્દ્ર સરકાર અને GST કાઉન્સિલ વચ્ચેના સહયોગને પ્રતિબિંબિત કરે છે જેથી લોકો માટે મહત્તમ લાભ મેળવી શકાય. તેમણે જણાવ્યું હતું કે દરોમાં ઘટાડો, પ્રક્રિયાઓનું સરળીકરણ, સ્લેબની સંખ્યા ચારથી ઘટાડીને બે કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે GST સુધારાના બીજા તબક્કાએ દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે, જેના કારણે તહેવારો દરમિયાન ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ જેવા મુખ્ય ક્ષેત્રોમાં રેકોર્ડ વેચાણ થયું છે.

# JITENDRA-NAFITHROMYCIN

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જાહેરાત કરી છે કે ભારતે તેનું પ્રથમ સ્વદેશી એન્ટિબાયોટિક દવા નેફિથ્રોમાઈસીન વિકસાવી લીધી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં એક તબીબી વર્કશોપનું ઉદ્ઘાટન કરતાં તેમણે જણાવ્યું હતું કે આ એન્ટિબાયોટિક દવા-પ્રતિરોધક શ્વસન ચેપને દૂર કરવામાં

અસરકારક છે. તેમણે સમજાવ્યું કે આ દવા ખાસ કરીને કેન્સરના દર્દીઓ અને અનિયંત્રિત ડાયાબિટીસ ધરાવતા લોકો માટે ફાયદાકારક છે.

શ્રી સિંહેએ વાત પર પણ ભાર મૂક્યો હતો કે દેશે તેના વૈજ્ઞાનિક અને સંશોધન વિકાસને વેગ આપવા માટે એક આત્મનિર્ભર ઇકોસિસ્ટમ વિકસાવવી જોઈએ. તેમણે કહ્યું હતું કે AI-આધારિત હાઇબ્રિડ મોબાઇલ ક્લિનિક્સ ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં સેવાઓ પૂરી પાડીને બધા માટે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે નવીનતા, સહયોગ અને કરુણાનું સંયોજન દેશને વિકસિત રાષ્ટ્ર બનવામાં મદદ કરશે.

# MEIT-WHO

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે વિશ્વ આરોગ્ય સંગઠનના સહયોગથી આરોગ્ય પ્રણાલીઓમાં AI ના અસરકારક અને વ્યાપક ઉપયોગોને પ્રકાશિત કરતી સામગ્રી માટે વૈશ્વિક આહ્વાનની જાહેરાત કરી છે.

મંત્રાલયે જણાવ્યું કે, પસંદ કરેલી અરજીઓને વૈશ્વિક દક્ષિણમાં AI આરોગ્ય ઉપયોગના કેસબુકમાં એક પ્રકરણ લખવા માટે આમંત્રિત કરવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ કેસબુક નીતિ નિર્માતાઓ, નવીનતાઓ અને સંશોધકો માટે એક વ્યાપક સંદર્ભ તરીકે સેવા આપશે. મંત્રાલયે જણાવ્યું હતું કે સંશોધકો, નવીનતાઓ અને સંસ્થાઓને આ મહિનાની 31મી તારીખ સુધીમાં સારાંશ રજૂ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.

# AYODHYA-DEEPOTSAV

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં નવમા દીપોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આજે સાંજે ભગવાન શ્રી રામના પુનરાગમનની ઉજવણી માટે શહેર દીવાઓથી ઝળહળશે.

સમગ્ર શહેરમાં 26 લાખથી વધુ માટીના દીવા પ્રગટાવીને ગયા વર્ષના રેકોર્ડને તોડવાની તૈયારી કરાઇ રહી છે. આ વર્ષે પવિત્ર સરયુ નદીને રામ કી પૌરી સહિત 56 ઘાટ પર માટીના દીવાઓ પ્રગટાવવામાં આવશે, જે એક દૈવી ભવ્યતા બનાવશે. આ દીપોત્સવ વિશ્વ મંચ પર અયોધ્યાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વૈભવને પ્રદર્શિત કરશે.

આ કાર્યક્રમ સ્થાનિક વહીવટીતંત્ર, સાંસ્કૃતિક સંગઠનો અને ડૉ. રામ મનોહર લોહિયા અવધ યુનિવર્સિટીના સહયોગથી યોજાઈ રહ્યો છે. જેમાં 10 હજારથી વધુ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.

## (બાઇટ – ઓમ અવસ્થી)

આધ્યાત્મિક ભવ્યતાને વધારવા માટે, જિલ્લા વહીવટીતંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે સાંજે ભવ્ય સરયુ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# CENTRAL RAILWAYS-SPECIAL TRAINS

**મધ્ય રેલ્વે તહેવારોના સમય દરમિયાન બિહાર અને ઉત્તરપ્રદેશ સહિત ઉત્તર ભારતના વિવિધ સ્થળો માટે એક હજાર 700 થી વધુ વિશેષ ટ્રેનો ચલાવી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય દિવાળી અને છઠ પૂજા દરમિયાન યાત્રાળુઓ અને મુસાફરો માટે સરળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવાનો છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV AFGHAN-PAK CEASEFIRE

**અફઘાનિસ્તાન અને પાકિસ્તાન ઘણા દિવસો સુધીની ભીષણ લડાઈ બાદ યુદ્ધવિરામ માટે સંમત થયા છે. કતારના વિદેશ મંત્રીએ ગઈકાલે આ જાહેરાત**

કરી હતી. ગઈકાલે દોહામાં કતાર અને તુર્કીની મધ્યસ્થી હેઠળ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે થયેલી વાટાઘાટો દરમિયાન આ કરાર થયો હતો.

કતારના વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે બંને દેશોના પ્રતિનિધિઓ સરહદ પર તાત્કાલિક યુદ્ધવિરામ અને શાંતિ સુનિશ્ચિત કરવા માટે ચર્ચા ચાલુ રાખવા સંમત થયા હતા.

અફઘાન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંરક્ષણ મંત્રી મોહમ્મદ યાકુબ કરી રહ્યા હતા, જ્યારે પાકિસ્તાની પ્રતિનિધિમંડળમાં સંરક્ષણ મંત્રી ખ્વાજા હાફિઝ અને ISI વડા જનરલ અસીમ મલિકનો સમાવેશ થતો હતો.

અગાઉ અફઘાનિસ્તાને પાકિસ્તાન પર 48 કલાકના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. લગભગ એક અઠવાડિયા સુધી ચાલેલી ભીષણ લડાઈ બાદ 48 કલાકનો યુદ્ધવિરામ લાગુ કરવામાં આવ્યો હતો. અથડામણમાં બંને દેશોના ઘણા સૈનિકો અને નાગરિકો માર્યા ગયા હતા.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બે હજાર 600 કિલોમીટરનો સરહદી વિવાદ ધરાવે છે. શુક્રવારે ટૂંકા યુદ્ધવિરામ બાદ પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતમાં શ્રેણીબદ્ધ હવાઈ હુમલા શરૂ કર્યા હતા, જેમાં ત્રણ અફઘાન ક્રિકેટ ખેલાડીઓ સહિત 17 લોકો માર્યા ગયા હતા.

# FASTAG ANNUAL PASS AS A GIFT

FASTag વાર્ષિક પાસ, મુસાફરી માટે એક સરળ વિકલ્પ છે. દિવાળીના તહેવારોમાં પ્રવાસીઓ માટે આ એક આદર્શ ભેટ બની શકે છે. જે મુસાફરોને

દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય એક્સપ્રેસ પર આખું વર્ષ સિમલેસ મુસાફરી પ્રદાન કરે છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)

(તમારા પ્રિયજનોને મુશ્કેલી વિના મુસાફરીની ભેટ આપવા માટે, હાઇવે યાત્રા એપ પર 'પાસ ઉમેરો' વિકલ્પ પર ક્લિક કરો અને તમે જે વ્યક્તિને ભેટ આપવા માંગો છો તેનો વાહન નંબર અને સંપર્ક વિગતો દાખલ કરો. તમારા મોબાઇલ ફોન પર પ્રાપ્ત થયેલ OTP ચકાસો, અને પાસ તે વાહન સાથે જોડાયેલા માન્ય FASTag પર સક્રિય થશે. એક વર્ષની માન્યતા માત્ર 3 હજાર રૂપિયાની કિંમત સાથે, આ પાસ એક સરળ અને સસ્તું મુસાફરી વિકલ્પ પ્રદાન કરે છે. તે સમગ્ર ભારતમાં આશરે 1 હજાર 150 ટોલ પ્લાઝા પર અમલી છે.

અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે ઈન્દોરમાં યજમાન ભારતનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે. ભારતીય સમય મુજબ આ મેચ બપોરે ત્રણ વાગ્યે રમાશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ સતત બે હાર બાદ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને સરકી ગઈ છે. ઇંગ્લેન્ડ ત્રીજા સ્થાને છે.

દરમિયાન ગઈકાલે કોલંબોમાં ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. રમતના સમયે પાકિસ્તાને 25 ઓવરમાં પાંચ વિકેટે 92 રન બનાવ્યા હતા. પાકિસ્તાને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં એક પણ મેચ જીતી નથી અને પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે.

# MEN'S CRICKET

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય શ્રેણીની પહેલી મેચ આજે પર્થમાં રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે નવ વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમનું નેતૃત્વ શુભમન ગિલ કરી રહ્યો છે જેને રોહિત શર્માના સ્થાને કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો છે. સિનિયર ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્મા ટીમમાં પરત ફર્યા છે. તેઓએ છેલ્લે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું.

# IMD WEATHER

હવામાન વિભાગે કેરળ, માહે અને લક્ષદ્વીપમાં આગામી બે દિવસ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આજે કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ઘણી જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે.

કેરળ અને કર્ણાટકના દરિયાકાંઠા અને લક્ષદ્વીપ અને કોમોરિન પ્રદેશ સહિત નજીકના દરિયાઈ વિસ્તારોમાં 55 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તેવી શક્યતા છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં પાકિસ્તાનનો અફઘાનિસ્તાન પર હુમલો, ભારતનું ગોલ્ડ રીઝર્વ 100 અબજ ડોલરને પાર, ધનતેરસ નિમિત્તે બજારોમાં રોનક સહિતના સમાચારો મુખ્ય શિર્શકમાં જોવા મળી રહ્યા છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે –ધનતેરસે દેશના બજારોમાં એક લાખ કરોડનો ધૂમ વેપાર
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે- સોને પર રાહત કા સુહાગા સાઠ કરોડ કે સોના ચાંદી બીકે
- ફુલછાબનું મુખ્ય શીર્ષક છે- ભારતનું ગોલ્ડ રીઝર્વ પહેલી વખત 100 અબજ ડોલરને પાર
- નવગુજરાત સમયે અફઘાનિસ્તાનમાં પાક.નો બોમ્બમારો ત્રણ ક્રિકેટરો સહિત 10 નાગરિકોના મોત -આ સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે